મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

G NEWS ગરવી તાકાત LIVE

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

૦૫-૦૧-૨૦૨૫
રવિવાર

વર્ષ : ૧૦ ★ અંક નં : ૨૭૫
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો એક આંગળીના ટેરવે
પ્લે સ્ટોરમાંથી ડાઉનલોડ કરો અને મેળવો તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં
Garvi Takat app

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂ.3-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

## મહેસાણા નગરપાલિકાને મહાનગરપાલિકાનો દરજ્જો મળતા અનેકનો ગરાસ લૂંટાઈ ગયો

# કચેરીમાં પડયા પાથર્યા રહેતા અને પાલિકાને પોતાના પિતાજીની જાગીર સમજતા કોર્પોરેટરો ઘર વિહોણા બન્યા હોય તેવો ઘાટ

### મહાનગરપાલિકામાં વહીવટદાર અને મ્યુનિસિપલ કમિશનરની નિમણુંક બાદ કેટલાયની આવક બંધ થઇ જશે

(ગરવી તાકાત) મહેસાણા તા.૪

રાજ્ય સરકાર દ્વારા નવી મહાનગરપલિકાઓની જાહેરાત કરવામાં આવી છે જેમાં મહેસાણાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. મહેસાણા નગરપાલિકાને મહાનગરપાલિકામાં તબદીલ કરતા પાલિકા કચેરી ખાતે પડ્યા પાથર્યા રહેતા કેટલાક નગરસેવકો માટે તો ઘર છીનવાઈ ગયું હોય તેવો ઘાટ થઇ ગયો છે. આખો દિવસ કોઈ પણ કામ ધંધા વગર સરકારી પ્રોપર્ટીને પોતાના પિતાશ્રીની જાગીર સમજી એસી કેબિનમાં બેસી રહેતા કેટલાક કોર્પોરેટરોનો તો જાને ગરાસ લૂંટાઈ ગયો હોય તેવો ઘાટ થયો છે. મહાનગરપાલિકાની જાહેરાત બાદ હાલની વર્તમાન બોડી વેરવિખેર થઈ જતા કેટલાકને મુશ્કેલી પડી રહી છે.

રાજ્ય સરકાર દ્વારા શહેરોનો વિકાસ સારો અને વેગીલો બને તે માટે નગરપાલિકાઓને મહાનગર પાલિકાઓમાં તબદીલ કરવાની જાહેરાત કરી છે. જેની સાથે જ નગરપાલિકાઓના કોર્પોરેટરોની બોડી વિખરાઈ ગઈ છે. મહાનગરપાલિકાઓમાં વહીવટદાર અને મ્યુનિસિપલ કમિશનરની નિમણુંક કરી દેવામાં આવી છે. અને હવે સમગ્ર વહીવટ તેઓ સાંભળી રહ્યા છે. ત્યારે હવે હાલના કોર્પોરેટરો નોકરી વિહોણા અને ઘર વિહોણા બની ગયા હોય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે.

કેટલાય લોકો તો એવી અનુભૂતિ કરી રહ્યા છે કે જાણે તેઓ ફૂટપાથ ઉપર આવી ગયા હોય. કારણ કે કોઈ કામ ધંધો હોય નહિ અને આખો દિવસ પાલિકા કચેરીમાં એસી કેબિનમાં મફત ખાવા પીવા મળતું હોય અને તે અચાનક છીનવાઈ જાય તો શું થાય. પાલિકામાં જલસા પાણી કરીને શહેરની ઘોર ખોદનારા કોર્પોરેટરો હવે નવી નોકરી માટે માથામણ કરી રહ્યા છે. નવી નોકરી એટલે મહાનગરપાલિકામાં કોર્પોરેટર બનવા માટેની નોકરી. અને હવે તેઓ એમ પણ માની રહ્યા છે કે પહેલા પાણી ઉલેચવા માટે એક નાનું તળાવ હતું હવે દરિયો પોતાના હાથમાં આવી જશે. પણ તેમ નથી. મહાનગર પાલિકામાં કોર્પોરેટરોનું કામ પણ વધારવામાં આવે તેવી શક્યતાઓ છે. જો કે હાલમાં તો આ કોર્પોરેટરોએ પુનઃ સ્થાપિત થવા માટે પુનઃ લોબિંગ હાલથી જ શરુ કરી દીધું હોવાનું જાણવા મળ્યું છે. ખેર ! ભગવાન આવા કોર્પોરેટરોથી મહેસાણાની જનતાને બચાવે તેવું આમ જનતામાં ચર્ચાઈ રહ્યું છે.

### પાન મસાલા ખાવાના પૈસા શોધવા પડતા હતા એવા લોકો કોર્પોરેટર બન્યા બાદ આલીશાન બંગલાના માલિક બન્યા

**મહેસાણા નગરપાલિકાનું કોર્પોરેટર પદ અનેક લોકો માટે લકી સાબિત થયું છે. કારણ કે અગાઉ થોડા વર્ષો પહેલા જે પાન મસાલા ખાવાના પૈસા પણ બીજા પાસે શોધતા હતા તેઓ કોર્પોરેટર બન્યા બાદ કરોડોની કિંમતના આલીશાન બંગલાના માલિક બની ગયા છે. હવે આ આલીશાન બંગલા કેવી રીતે બનાવ્યા તે ખુલાસો કરવાની જરૂર નથી કારણ કે સહુ કોઈ જાણે જ છે કે એક કોર્પોરેટરને કેટલો સેલેરી મળે છે અને તેનાથી કેટલું ઘર ચલાવી શકાય. મહાનગરપાલિકામાં આવા કોર્પોરેટરોને સ્થાન ન મળે તેવો પ્રયત્ન તેઓની જ પાર્ટીના લોકો કરે તે ઇચ્છનીય છે.**



બી ડિવિઝન પી.આઈ. એન.એસ. ઘેંટિયાની સૂઝબૂઝથી ગણતરીના સમયમાં જ આરોપીઓ પકડાયા

## મહેસાણા બી ડિવિઝન પોલીસે પેસેન્જરને રિક્ષામાં બેસાડી રૂપિયા ૪૬ હજારની ચોરી કરનાર બે શખ્સોને ઝડપી પાડ્યા

(ગરવી તાકાત) મહેસાણા તા.૩

અમદાવાદથી રીક્ષા લઈને મહેસાણા આવી પોતાની રિક્ષામાં બસાડી યુવક પાસેથી રૂ. ૪૬ હજારની રકમ પડાવી લેનાર બે આરોપીઓને મહેસાણા પોલીસે ગણતરીના સમયમાં ઝડપી પાડ્યા છે. મહેસાણા બી ડિવિઝન પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેક્ટર એન.એસ.ઘેંટિયા દ્વારા સુઝબુઝ દાખવી સીસીટીવીની મદદથી આ આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા હતા,





(તસ્વીર : અલસેફ બેલીમ, મહેસાણા)

ભેજાબાજો દ્વારા લોકોને રિક્ષામાં બેસાડી તેને વાતોમાં રાખીને ચાલાકીથી પેસેન્જરના ખિસ્સામાં રાખેલા પૈસા કાઢી ચોરી કરી લેતાં અમદાવાદના બે ઈસમોને બી ડિવિઝન પોલીસે ઝડપી પાડ્યા હતા. મહેસાણાના યુવકને પોતાની રિક્ષામાં બેસાડી ખિસ્સામાંથી ૪૬ હજારની ચોરી કર્યા બાદ બી ડિવિઝન પોલીસે માત્ર ૨૪ કલાકમાં ભેદ ઉકેલી નાખ્યો હતો અને વટવાના બે શખ્સોને પકડી ચોરી કરેલ મુદ્દામાલની રિકવરી કરી હતી. પોલીસે ૪૪ હજાર રોકડા કબ્જે લીધા હતા. મહેસાણાના કસ્બા વિસ્તારમાં રહીને ફેરી કરતા મોહમ્મદ વસીમ મોહમ્મતૈયદ અબ્દુલ હફીઝ ફરીદી ૩૧ ડિસેમ્બરના રોજ માલ ગોડાઉન વિસ્તારમાંથી રિક્ષામાં પેસેન્જર તરીકે બેઠા હતા અને ત્યારબાદ રાજકમલ પેટ્રોલપંપ નજીક તેમને ન ફાવતું હોવાનું કહીને રિક્ષા ચાલકે ઉતારી મૂક્યા હતા. ત્યારબાદ મોહમ્મદ વસીમ ભાઈને અચાનક ખબર પડી હતી કે તેમના ખિસ્સામાં મૂકેલા ૪૬ હજાર રોકડાની ચોરી થઈ ગઈ છે. અને રિક્ષામાં અન્ય પેસેન્જર બનીને બેઠેલા અજાણ્યા શખ્સે કાઢી લઈને ચોરી લીધા છે. જેને લઇ તેમણે બી ડિવિઝન પોલીસ મથકે જાણ કરતાં પીઆઈ નિલેશ ઘેંટીયાએ ડી સ્ટાફના હેડ કોન્સ્ટેબલ મહેન્દ્રભાઈ ચૌધરી સહિત ૧૨ સભ્યોની અલગ અલગ ટીમો બનાવી હતી અને ને હાઈવેના તેમજ અન્ય સીસીટીવી ચેક કરતાંકર્યા હતા.

જેમાં જીજે ૨૭ડબલ્યુ ૧૪૯૬ નંબરની રીક્ષા શંકાસ્પદ જણાતાં તેની ડિટેલ કઢાવતા તે વટવા વિસ્તારની હોવાની અને તે રિક્ષા મોઢેરા ચોકડી તરફ આવતી હોવાની માહિતી મળતા ડી સ્ટાફની ટીમે રિક્ષા ચાલક સિરાજખાન સમુદીન વહીદ ઉલ્લાપઠાણ રહે. ગોલ્ડન સિનેમાની પાછળને ઝડપી પાડ્યો હતો. તેની ઘનિષ્ઠ પૂછપરછ કરતાં તેને પોતાના સાગરીત મોહમ્મદ શહીદ રઈસ અહેમદ મોહમ્મદ શેખ રહે. વટવાને સાથે રાખી પોતાની રિક્ષામાં પેસેન્જર બેસાડીને તેમને વાતોમાં ભેળવીને મુસાફરોના સમાન તેમજ રોકડની ચોરી કરતા હોવાની કબૂલાત કરી હતી.

પોલીસે બંનેને ઝડપી પડી તેઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



(ગરવી તાકાત) મહેસાણા તા.૪

પતંજલિ યોગપીઠ હરદ્વાર ખાતે રાષ્ટ્રીય કાર્યકારીણી શિબિરમાં સ્વામી રામદેવજી મહારાજના વરદ્ હસ્તે ઉત્તર ગુજરાત રાજ્ય કાર્યકરણી સદસ્ય એવા મહેસાણા ના અજીત કુમાર પટેલને યોગ રત્ન એવોર્ડ અને ૨૧000/ રૂ. નો રોકડ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.જે ગુજરાત અને મહેસાણા માટે ગૌરવ અને ગર્વની બાબત છે

બેફામ બનેલા આ રેતી ચોરીના બુટલેગરો ગામડાઓમાં રસ્તાના નો ભોગ લેશે

## ભૂસ્તરતંત્રના પાપે મહેસાણામાંથી પસાર થતાં ગેરકાયદે રેતીના ડમ્પરો : ખનિજ માફિયા ભૂસ્તર વિભાગને ઘોળીને પી ગયા છે!

(ગરવી તાકાત) મહેસાણા તા.૪

ભૂસ્તર તંત્ર ડંફાસો મારે છેકે અમો પેટ્રોલિંગ કરીએ છીએ પરંતુ મહેસાણાના ખેરવા- પુનાસણ થઈને રેતીના ઓવર લોડ ભરેલા ડમ્પરો રોજના ૧૦૦ થી ૨૦૦ ડમ્પર મેવડ ટોલનાકુ બચાવવા કે પછી ગેરકાયદેસર ફરતા જોવા મળી રહ્યા છે. રૂદ્ર કંપનીના નામે ખોટી નંબર પ્લેટો લગાવી એકજ રોયલ્ટી પાસ ઉપર લાખો રૂપિયાની ચોરી કરી રોજ બનાસકાંઠાથી કે પછી કંમ્બોઈથી રોજની હજારો ગાડીઓ અમદાવાદ- ગાંધીનગર ગેરકાયદેસર રેતી પહોંચાડી રહ્યા છે. ભૂસ્તર શાસ્ત્રીને ખબર ના હોય રાત્રે ૧૧ વાગ્યા પછી ખેરવા- જગુદણ ચોકડી કે રૂપાલ- પુનાસણ- જગુદણ ગામમાં રાત્રે પધારો અને પછી ઓવર લોડ ભરેલા ડમ્પરો કેટલા નિકળે છે તે ખબર પડે ગામડાના ગ્રામ પંચાયતો દ્વારા કરેલ રોડ પણ આ ઓવરલોડ ભરેલા ડમ્પરોથી તૂટી ગયા છે. પુનાસણ- જગુદણ- ખેરવા ગામ ઉપરથી રોયલ્ટી પાસ વગર ગેરકાયદેસર રેતી ભરી જતા વાહન માલિકો સામે દંડનીય કાર્યવાહી કરવાના બદલે મહેસાણા ભૂસ્તર શાસ્ત્રી અને તેમની ટીમ હપ્તા લેવામાં એટલી બધી વ્યસ્ત છેકે, મહેસાણા જિલ્લામાં વધતા જતા ખનીજ ચોરો સ્થાનિક ભૂસ્તર તંત્રને ઘોળીને પી ગયા છે.









(તસ્વીર : ચાર્મિશ ચૌધરી, મહેસાણા)

આજે મહેસાણા હાઈવે ઉપર હપ્તો ન આપનાર રેતી ભરેલા બે ડમ્પર મોટીદાઉ પાસે પકડીને બન્ને ગાડીઓ સાંથલ પોલીસ સ્ટેશન મૂકાયા જાણે કે મોટી ધાડ મારી હોય તેમ મહેસાણા ભૂસ્તર અધિકારી આજે પકડાયેલા વાહનો સામે કાયદેસર કાર્યવાહી કરશે અને મોટી ભલામણો કે પછી વહીવટ કરી આ પકડાયેલ ગેરકાયદેસર રેતી ભરેલા ડમ્પરો છોડી મૂકશે. વાહ ભાઈ વાહ શુ ખેલ ચાલી રહ્યો છે.

ભૂસ્તર શાસ્ત્રીઓના રાજમાં મહેસાણાના ખેરવા- જગુદણ કે પુનાસણમાં આ ખેલ પકડો તો ખબર પડે કે શું ચાલી રહ્યું છે. ના ભાઈ આ ગાડીઓ તો છેક ઉપર સુધી હપ્તા આપે છે. પરંતુ બેફામ બનેલા આ રેતી ચોરીના બુટલેગરો ગામડાઓમાં રસ્તાનો તો ભોગ લેજ છે પરંતુ બેફામ હંકારતા ડમ્પરો માનવીઓના પણ ભોગ લઈ રહ્યા છે. શુ તેના ઉપર તંત્ર આકરૂ વલણ અપનાવશે ખરૂં કે પછી હોતા હૈ ચલાતા હૈ બાકી મેરા ભારત મહાન.....

## મહેસાણા જિલ્લા ભાજપ પ્રમુખ બનવા માટે ૫૭ જેટલા ભાજપના મુરતીયાઓએ દાવેદારી નોંધાવી

(ગરવી તાકાત) મહેસાણા તા.૪

મહેસાણા જિલ્લા ભાજપ પ્રમુખ બનવા માટે આજે કમલ્મ ખાતે ઉમેદવાર પોતાના ફોર્મ ભરવા પહોંચ્યા હતા.જ્યાં પાર્ટીએ પ્રમુખ બનવા માટે ૭ શરતો રાખી છે જેમાં અભ્યાસ કરેલ નહિ હોય તો પણ ચાલશે. આજે જિલ્લા ભાજપ નવા પ્રમુખ ની રચના માટે ઉમેદવારી નોંધવાની ચાલુ થઈ આ દરમિયાન પોલીસ બંદોબસ્ત પણ માગવામાં આવ્યો હતો જેથી પોલીસ કર્મીઓ પણ કમલમ માં આંટા ફેરા મારતા જોવા મળ્યા હતા.

ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા સંગઠન નું માળખું બદલવા કવાયત હાથ ધરાઈ છે.અને તેના ભાગરૂપે આજે મહેસાણા જિલ્લા ભાજપ કાર્યાલય કમલમ ખાતે જિલ્લા ભાજપ પ્રમુખ માટે કવાયત હાથ ધરવા માં આવી છે. મહેસાણા જિલ્લા ભાજપ પ્રમુખ પદ માટે સાત જેટલી શરતો પ્રમુખ પદ ના દાવેદાર ઉમેદવાર માટે રાખવા માં આવી છે.જિલ્લા ભાજપ પ્રમુખ બનવા ની શરતો માં બે વખત સક્રિય સભ્ય હોવા જોઈએ, જિલ્લા કક્ષાએ એ સંગઠન માં કામ કરેલું હોવું જોઈએ,જિલ્લા પ્રમુખ રહ્યા હોય એને રિપીટ કરવા માં આવશે નહીં જેવી સાત શરતો લાગુ કરાઈ છે. આ સ્થિતિ વચ્ચે મહેસાણા જિલ્લા ભાજપ પ્રમુખ બનવા માટે ૫૭ જેટલા ભાજપ ના મુરતીયાઓએ દાવેદારી નોંધાવી છે.ત્યારે મહેસાણા જિલ્લા ભાજપ પ્રમુખ કોણ બનશે એ ચર્ચા નો વિષય બન્યો છે.





જિલ્લા ભાજપ પ્રમુખ ગિરીશ રાજગોરે જણાવ્યું કે, ભારતીય જનતા પાર્ટીના પરંપરાગત મુજબ પાર્ટીની આંતરિક લોકશાહી છે પ્રકિયા ની એ પ્રમાણ જિલ્લા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ માટે જે ઈચ્છા ધરાવે છે એવા લોકોના ફોર્મ ભરવાની પ્રકિયા ચાલે છે.એના માટે પ્રદેશ માંથી નિયુક્ત કરેલા ચૂંટણી અધિકારી ભરત ભાઈ ડાંગર થતા સહ નિરીક્ષક અને અહીંના બે લોકલ ચૂંટણીના મદદનીશ એમની હાજરીમાં જિલ્લા માંથી ઈચ્છા ધરાવે છે એવા ઉમેદવાર ફોર્મ ભરવા અહીંયા આવ્યા છે.પાર્ટીની પરંપરા મુજબ ઉમેદવાર સક્રિય સભ્ય હોવા જરૂરી છે.કામ કરેલા અનુભવી જરૂરી છે એ પ્રમાણે હોય છે.




# લાખ રૂપિયાની ટીપ : કપડાં ધોવામાં મજા છે કે વાસણ માંજવામાં?

માણસ માત્રનું કામ છે મજા શોધતા રહેવાનું. રસ્તા વચ્ચે બે જણાં એકબીજાને ધોલધપાટ કરતા હોય તે જોઈને પણ મજા લેનારા ઘણાં પડયા છે. જોકે તેમનું માનવું છે કે ધોલધપાટ કરનારા લોકો જ્યારે એકમેકની ધોલ ખાતા હશે ત્યારે બેશક તેમને વેદના થતી હશે. પણ જ્યારે તેઓ એકબીજાને ધોલ મારતા હશે ત્યારે તેમને પણ મજા આવતી જ હશે. આજથી વીસ-પચીસ વર્ષ પહેલાંના જમાનામાં લગ્નોત્સુક યુવક-યુવતી જ્યારે પહેલીવાર 'બહારના ઓરડામાં વડીલો ને અંદર એ બે જણ'-વાળા એકાંતમાં મળતાં હતાં ત્યારે યુવક યુવતીને તેના શોખ, તેને શું બનાવતા આવડે છે, તેને નૃત્ય કે ગાન આવડે છે- તે અંગે પૂછતો. ને યુવતી 'તમને કોઈ વ્યસન છે કે નહીં?' પૂછતી.

પણ હવે સ્ત્રી-પુરુષ વસ્તીનું પ્રમાણ સારી પેઠે ખોરવાઈ ગયું છે. એટલે હવે સવાલો પૂછવાનો ઈજારો યુવતીઓ પાસે આવી ગયો છે. 'કોલેજમાં કોઈ ગર્લફ્રેન્ડ કે બોયફ્રેન્ડ હતાં?'- પ્રકારનો સવાલ પૂછી તે યુવકના ચાલ અને ચલગત- એમ બંનેની માહિતી મેળવી લે છે. વધુમાં ભાવિ વધુ કહે છે; 'જુઓ હું જેન્ડર ઈક્વાલીટીમા? માનું છું. હું લગ્ન પછી જોબ કરું કે ના કરું; તમારે મને ઘરકામમાં મદદ કરવી પડશે. કચરા અને પોતામાંથી એક તથા કપડાં અને વાસણમાંથી એક- એમ કોઈ બે વસ્તુઓ પસંદ કરી લો એટલે પછીથી કોઈ ગેરસમજ ન થાય.'

વાતચીતના આ મોડ પર યુવાનને નિર્ણયશક્તિ તેને દગો દઈ જાય છે. કેમ કે એકના એક સંતાન તરીકેનો દરજ્જો ભોગવેલો હોઈ તેના ભાગમાં કદીય આ પ્રકારનાં કામ કરવાનાં આવ્યા નથી હોતા. વળી, તે પોતાની ભાવિ આર્થિક સધ્ધરતા વિશે વધુ પડતો આશ્વસ્ત હોય છે. તેથી તે પહેલા જ ધડાકે કહી ઊઠે છે; 'એ તો કામવાળા બહેન બંધાવી દઈશું.' જવાબમાં યુવતી કહે છે; 'રસોઈવાળા બેન ને કામ કરવાવાળા બેન- એ બે તો બંધાવીશું જ. પણ આ તો એ અઠવાડિયે-દસ દિવસે ગુલ્લી મારે ત્યારનું આયોજન આપણે અત્યારથી વિચારી રાખવું પડે ને! નાહક એ વખતે વાસણ ખખડાવવા. અને બીજું, કુક બેનની ગેરહાજરીમાં તો બહાર જમવા જવાનો કે બહારથી જમવાનું મંગાવવાનો વિકલ્પ ઉપલબ્ધ છે જ; પણ સત્યની જેમ કામવાળા બેન નો કોઈ વિકલ્પ નથી.'

આવા સમયે હે યુવાન, કચરા કે પોતા પૈકીનો કયો વિકલ્પ સ્વીકારવો તે કામ અન્ય નિષ્ણાત પર છોડી; વાસણ કે કપડાંમાંથી કયો વિકલ્પ પસંદ કરવો તે અંગે જે જ્ઞાાન પીરસવામાં આવે તેને બે કાન તથા બે આંખ ખુલ્લી રાખીને ગ્રહણ કર. હાં, તો સળગતો સવાલ એ છે કે જો ચોઈસ આપવામાં આવે તો કપડા અને વાસણમાંથી કયા કામ પર કળશ ઢોળવો જોઈએ. પહેલી દષ્ટિએ તમને લાગશે કે કપડાં ધોવાનું કાર્ય ઓછું પળોજણવાળું છે. વાસણ તરફ જતાં તમને જે રોકે છે તે છે વાસણનું એંઠાપણું. એંઠા વાસણો જોઈ ભલભલાના ટીચકું નાગીન ડાન્સ કરવા લાગે છે. ઘણાંને તો જમી લીધાની એક મિનિટ પછી પોતાની જ એંઠી ડીશ જોવી ગમતી નથી હોતી; ત્યાં આ તો પોતાની ઉપરાંત પત્ની તથા બે બાળકોને એંઠી ડીશોને ન માત્ર જોવાનો પણ માંજવાનો મામલો છે.

એની સામે (તમારી દ્રષ્ટિએ) કપડાં ધોવાનું કામ સહેલું છે. અને એથી વધુ તેમાં સુગ ચડવાનો સવાલ જ પેદા નથી થતો. ડિટર્જન્ટવાળા પાણીમાં કપડાં બોળ્યા, બ્રશ લગાડયો, ફરી પાછાં ચોખ્ખા પાણીમાં કપડાં બોળ્યાં, નીચોવ્યા, સૂકવ્યા અને પત્યું. એંઠવાડની ઝંઝટ બિલકુલ નહીં. અને કપડાં ધોતાં-ધોતાં શરીર પર પાણી ઊડે ત્યારે ફુવારાની અનુભૂતિ થાય તે જુદી. વળી, વ્હાઈટ કોલર જોબ કરતા તમે તથા તમારી પત્નીની શારીરિક પરિશ્રમ વિનાની નોકરી હોઈ શરીર પર પરસેવો વળતો નથી. જેનો સીધો ફાયદો તમે પહેરેલાં કપડાંને થાય છે. વળી, તમારાં બાળકો પણ મોબાઈલમાં વસવાટ કરતા હોઈ મેદાની રમતો તેમની જાણ બહાર હોય છે. અને તેથી તેમના કપડાં પણ ખાસ મેલાંઘેલાં હોતા નથી.

બસ, કપડાં ધોવા અંગેનો આ પ્રકારનો ખયાલી પુલાવ તમને ભેખડે ભેરવી દે છે. કપડાં ધોવાએ વિશ્વનું સૌથી જટિલ, મુશ્કેલ અને કંટાળાજનક કામ છે એ વાત તો તમે જાણતા જ નથી. પહેલા સ્ટેપથી લઈ છેલ્લા સ્ટેપ સુધીની કપડાં ધોવાની પ્રક્રિયા એટલી ત્રાસદાયક છે તેની સરખામણીએ રેડિયો પર મનકી બાત સાંભળી લેવી આગળ પડે.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

**અમરેલી સેશન્સ કોર્ટમાં જામીન મંજૂર થતા જેલ બહાર લાગણીસભર દ્રશ્યો સર્જાયા : ૧૫ હજારનાં બોન્ડ ઉપર પાયલ ગોટી જામીન મુકત થતાં પરિવારજનો ખુશ : લેટરકાંડમાં હજુ ત્રણ આરોપીઓ જેલમાં, જામીન મળશે કે કેમ ? તેની વ્યાપક ચર્ચા : ગ્રામજનો દ્વારા વાજતેગાજતે સ્વાગત**

# સત્યમેવ જયતે : રાજકારણના ચક્રવ્યુહ સામેની લડતનો વિજય : યુવતી જેલમુક્ત

અમરેલી, તા. ૪

અમરેલી સહિત રાજયભરમાં બહુચર્ચિત બનાવટી લેટરકાંડનાં ૪ આરોપીઓ પૈકી એક પાયલ ગોટી નામની યુવતીનાં સેશન્સ કોર્ટમાંથી જામીન ગઈકાલે સાંજના મંજૂર કરવામાં આવ્યા હતા. અને જયારે યુવતી જેલમાંથી બહાર આવી ત્યારે લાગણી સભર દ્રશ્યો જોવા મળ્યા હતા. સેશન્સ કોર્ટમાં૧૫ હજારનાં બોન્ડ ઉપર પાયલને જામીન મુકત કરવામાં આવી હતી. પાયલ તરફે એડવોકેટ સંદિપ પંડયાની સફળ દલીલો રહી હતી.



અમરેલીમાં ચાલતી આંતરિક જુથબંધીમાં પાટીદાર સમાજની નિર્દોષ યુવતી શિકાર બની હતી. તેણીની મોડી રાત્રિએ અટકાયત કરવામાં આવી, તેનો ચહેરો જાહેર કરવામાં આવ્યો અને રી-કન્સ્ટ્રકશનનાં નામે યુવતીને જાહેર માર્ગ પર ચલાવવામાં આવી અને કાયદાનો ઉલાળીયો થયો અને તેના ઘેરા પ્રત્યાઘાતો સમગ્ર રાજયમાં પડયા અને સત્તાપક્ષ અને સરકાર બચાવની સ્થિતિમાં આવી ગયા હતા.

વિપક્ષી નેતાઓ પરેશ ધાનાણી, અમિત ચાવડા,મહિલા કોંગ્રેસનાં પ્રમુખ સહિતનાંઆગેવાનો ઉપરાંત પાટીદાર, ક્ષત્રિય સહિતનાં સમાજનાં આગેવાનો પણ રોષે ભરાયા અને મામલો એટલો ગંભીર બન્યો કે બે દિવસ પહેલા ખોડલધામનાં આગેવાનો પણ અમરેલી દોડી આવ્યા અને પાયલને આરોપીને બદલે સાક્ષી બનાવવાની ગતિવિધિ તેજ બની અને તપાસનીશ અધિકારી અને ફરિયાદીએ ચીફ કોર્ટમાં સોગંદનામું રજૂ કરીને ભૂલ સ્વીકારી પણ હતી.

યુવતિનું નામ ફરીયાદમાંથી કમી કરવા આજે અમરેલીની ચીફ કોર્ટમાં સુનાવણી રાખવામાં આવેલ છે. આ બાબતે આજે થવાની હોય તે પહેલા જ ગઈકાલે સેશન્સ કોર્ટમાં જામીન અરજી સુનાવણી પૂર્ણ થતાં પાયલને ગઈકાલે જામીન પર મુકત કરવામાં આવતાં તુરત જ જેલમાં ધકેલાઈ ગયેલ યુવતી ગઈકાલે સાંજના જેલમાંથી બહાર આવી. ત્યારે લાગણીસભર દ્રશ્યો જોવા મળ્યા હતા અને પરિવારજનો તેમજ પાયલને ન્યાય અપાવવા લડત ચલાવનાર સૌ કોઈ ખૂશીથી ઝુંમી ઉઠયા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ બનાવના બીજા ત્રણ આરોપીની પણ જામીન અરજી અંગે ચુકાદો જાહેર થવામાં છે. ત્યારે બાકીના ત્રણ આરોપીઓને જામીન મળે છે કે કેમ ? તે અંગે પણ ભારે ચર્ચાઓ શરૂ થવા પામેલ છે.

અમરેલીના બહુ ચર્ચિત લેટરકાંડ કેસમાં ધરપકડ કરાયેલી પાટીદાર યુવતીને પાયલ ગોટી જેલ મુક્ત થઈ છે. જેલ બહાર આવતાની સાથે જ પાયલે કહ્યું, 'સત્યમેવ જયતે'. જેલમુક્ત થયા બાદ પાયલ ગોટી પોતાના ગામ વીઠલપુર પહોંચી હતી. જ્યાં ગ્રામજનોએ તેમનું ઢોલ-નગારા સાથે સામૈયું કર્યું.

પાયલ ગોટી જેલમાંથી બહાર આવતા રડી પડી હતી. આ સમયે ભાવુક દ્રશ્યો સર્જાયા હતા. પાયલના માતા-પિતાની આખો ભીની થઈ. પાયલ પરિવારજનોને ભેટી પડી હતી. જો કે, જેલમાંથી છૂટકારા બાદ પાયલની માનસિક સ્થિતિ અસ્વસ્થ હોવાનું જોવા મળ્યું છે. તેમણે મીડિયા સામે વધુ કંઈ બો[illegible]ની સ્થિતિમાં નહી હોવાનું જણાવ્યું હતું. પાયલને જિલ્લા સેસન્શ કોર્ટે ૧૫ હજારના બોન્ડ પર જામીન મંજૂર કર્યા હતા.

આ દરમિયાન કોંગ્રેસ નેતા જેનીબેન ઠુમ્મરે કહ્યું કે, 'આપ સૌના માધ્યમ, સોશિયલ મીડિયાના માધ્યમથી જે સપોર્ટ મળ્યો છે, તેના માટે ગુજરાતની પ્રજાનો આભાર માનું છું. આપ સૌએ સરકાર પર દબાણ ઉભું કર્યુ. હાલ, પાયલને જામીન મળી ચૂક્યા છે.'ખોડલધામ સમિતિના સદસ્યો અને અગ્રણીઓ મહિલા પાયલબેન ગોટીની મદદે આવ્યા છે. નીચલી કોર્ટમાં જામીન નામંજૂર થતાં સેશન્સ કોર્ટમાં સમાજે દરવાજા ખટખટાવ્યા હતા અને ત્યારે હવે સેશન્સ કોર્ટે જામીન મંજૂર કર્યા છે.

યુવતીના વકીલ સંદીપ પંડ્યાએ કોર્ટમાં દલીલ કરી હતી કે, 'રાત્રે ૧૨ વાગ્યે એક સ્ત્રીને ઘરમાંથી દબોચી લેવામાં આવે છે, આ કયા પ્રકારનું પોલીસ તંત્ર છે? પોલીસ તંત્રએ રાજકીય દબાણમાં કામ કરી માર માર્યો તેમજ કોર્ટમાં રિમાન્ડ માંગ્યા હતા, બાદમાં ગત રોજ ૧૬૯નો રિપોર્ટ ફાઈલ કરીને એવું કહેવામાં આવે છે કે, આ બહેન વિરૂધ્ધ ગુનો નથી બનતો. યુવતીની ઉંમર ૨૫ વર્ષની છે, ત્યારે લગ્ન જીવન શરુ થતાં પહેલાં જે તેની આબરૂ નિલામ કરવામાં આવી છે તેની ખોટ કોણ પૂરશે?'

# પાલનપુર વિધાનસભા યુથ કોંગ્રેસ દ્વારા યંગ ઈન્ડિયા બોલ કાર્યક્રમ લોન્ચ કરવામાં આવ્યો

(ગરવી તાકાત) મહેસાણા તા.૪

પાલનપુર ખાતે યુથ કોંગ્રેસ દ્વારા યંગ ઈન્ડિયા બોલ કાર્યક્રમ લોન્ચ કરવામાં આવ્યો હતો. તેના વિશે ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસના મહામંત્રી મુકેશ આંજણાએ માહિતી આપી હતી.

યંગ ઈન્ડિયાના બોલ કાર્યક્રમ વિશે બોલતા ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસ મહામંત્રી મુકેશ આંજણા કહ્યું કે, આ ભયાનક ઘટનાઓએ ભારતીય યુવા કોંગ્રેસને ભાજપ સરકાર સામેના સંઘર્ષમાં સામેલ કરવા માટે પ્રેરણા આપી છે. આ વિચાર હેઠળ 'યંગ ઈન્ડિયા કે બોલ' નામનો પ્રવક્તા શોધ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો. આ વર્ષે 'યંગ ઈન્ડિયા કે બોલ' ની સિઝન-૫ મુખ્ય મુદ્દાઓ ડ્રગની સમસ્યા અને બેરોજગારીનો સમસ્યાનું નિરાકરણ લાવવા ભાજપ સરકારની સંપૂર્ણ નિષ્ફળ ગઈ છે. આ કાર્યક્રમ ભારતીય યુવા કોંગ્રેસના રાષ્ટ્રીય અભિયાન 'નૌકરી દો, નશા નહીં' સાથે સુસંગત છે, જેનો ઉદ્દેશ્ય યુવાનો, વિદ્યાર્થીઓ, વ્યાવસાયિકો, પાયાના કાર્યકરો અને રાજકીય ઉત્સાહીઓને તેમનો અવાજ ઉઠાવવા અને આ બેજવાબદાર અભિવ્યક્તિનો વિરોધ કરવા માટે એક મંચ પૂરો પાડવાનો છે. તમારા મંતવ્યો સરકારને જણાવો.' તેમણે કહ્યું, 'આ સ્પર્ધા માટેની અરજી પ્રક્રિયા ૧૫ ડિસેમ્બર, ૨૦૨૪થી 'ઉંરૈ રૂઝ એપ' દ્વારા શરૂ થશે. રસ ધરાવતા સહભાગીઓએ આ બંને મુદ્દાઓ પર તેમના વિડિયો સબમિટ કરવાના રહેશે. આ કાર્યક્રમના સહભાગીઓને રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે આમંત્રિત કરવામાં આવશે, અને તેમને ભારતીય યુવા કોંગ્રેસના રાજ્ય અને રાષ્ટ્રીય પ્રવક્તા બનવાની અનન્ય તક પૂરી પાડવામાં આવશે. તે જ સમયે, તેઓને સંબંધિત મુદ્દાઓ પર પક્ષના વિચારો વ્યક્ત કરવાની તક પણ મળશે, અંતમાં, તેમણે દેશના યુવાનોને અપીલ કરી કે, ' બધાને આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભાગ લેવા આહવાન કરવામાં આવે છે. બેરોજગારી ઘટાડવામાં સરકાર અને તેમને ડ્રગની સમસ્યાને નિયંત્રિત કરવા માટે અસરકારક પગલાં લેવા દબાણ કરે છે. તમારો અવાજ ઉઠાવવાની અને પરિવર્તનનો ભાગ બનવાની આ એક સુવર્ણ તક છે.



**આ દરમિયાન યંગ ઈન્ડિયાના બોલ કાર્યક્રમનો વીડિયો અને પોસ્ટર પણ લોન્ચ કરવામાં આવ્યું હતું**

**જિલ્લાના વિભાજન લઈને મુકેશ આંજણાએ કહ્યું હતું કે બનાસકાંઠાનું વિભાજન ભૌગોલિક પરિસ્થિતિને ધ્યાનમાં લઈને વિભાજન કર્યું નથી. કારણકે ધાનેરા માટે આવનારા સમયમાં ખૂબ મુશ્કેલી ઉભી થઈ શકે છે. ધાનેરા સામાજિક અને ધંધાના અર્થે પાલનપુર સાથે જોડાયેલા છે. સાથે વ્યાવસાયિકો માટે થરાદ વધારે અનુકૂળ નથી તેના વિશે પણ તેઓ બોલ્યા હતા. આ પ્રસંગે પાલનપુર તાલુકા પંચાયત પૂર્વ કારોબારી ચેરમેન અને બનાસકાંઠા જિલ્લા યુવા કોંગ્રેસના ઉપપ્રમુખ સંજય ચૌધરી અને પાલનપુર વિધાનસભા યુથ કોંગ્રેસ પ્રમુખ વિક્રમસિંહ પુરોહિત ઉપસ્થિત રહ્યાં.**

'યંગ ઈન્ડિયા કે બોલ' મુકેશ આંજણા એ જણાવ્યું હતું કે, એ દેશભરના યુવાનો માટે તેમના વિચારો વ્યક્ત કરવા અને અમારી સાથે જોડાવા માટેનું પ્લેટફોર્મ છે. આ મંચમાં યુવાનો બેરોજગારી સામે પોતાના મંતવ્યો રજૂ કરશે. આજે દેશના યુવાનો પાસે રોજગાર નથી. સ્થિતિ એવી છે કે[illegible]સ્ના વિદ્યાર્થીઓને પણ રોજગાર નથી મળી રહ્યો. તેમણે એમ પણ કહ્યું કે ભારત વિશ્વનો સૌથી યુવા દેશ છે. ૫૫% વસ્તી યુવાનો છે, વિશ્વનો દરેક પાંચમો યુવા ભારતીય છે.

ભારત ક્યારેય આટલું જુવાન નહોતું. આટલી યુવા વસ્તી, શિક્ષિત લોકો, પરંતુ વાસ્તવિકતા શું છે? એક કલાકમાં બે યુવાનો આત્મહત્યા કરી રહ્યા છે. યુવાનોની આત્મહત્યાએ ખેડૂત આત્મહત્યાના દરને પણ વટાવી દીધો છે. તે કેટલું દુઃખદાયક છે કે આત્મહત્યાનો દર વસ્તી વૃદ્ધિ કરતાં આગળ નીકળી ગયો છે. એક ષડયંત્ર હેઠળ આ યુવાનોને નશામાં ધકેલવામાં આવી રહ્યા છે.

યુવક હોશમાં હશે તો નોકરી માંગશે. તેથી તેને નશામાં ધકેલી દેવાનું ષડયંત્ર રચવામાં આવી રહ્યું છે. તેમણે દેશના યુવાનોને અપીલ કરતા કહ્યું કે તેઓ પોતાનો જીવ ન ગુમાવે. તમે જે કરી શકો તે કરો, યુથ કોંગ્રેસ ખુલ્લા દિલે તમારા માટે પ્રતિબદ્ધ છે.

# પાલનપુર નગરપાલિકામાં જન્મ-મરણ દાખલા માટે વિભાગમાં બે આઇડી શરૂ

(ગરવી તાકાત) પાલનપુર તા.૪

પાલનપુર નગરપાલિકામાં જન્મ મરણ રજીસ્ટ્રેશન વિભાગમાં એક જ આઈ ડી ઉપર દાખલા કાઢવામાં આવતા હોવાથી અરજદારોને હાલાકી ભોગવવી પડી રહી હતી. જ્યાં હવે બીજુ આઈ ડી શરૂ કરવામાં આવ્યું છે. જોકે, સરકાર દ્વારા બાળકના માતા- પિતાનું આખુ નામ ફરજીયાત કરાયું હોવાથી અગાઉના જન્મ મરણના દાખલામાં સુધારા કરાવવા માટે લોકોની સંખ્યા વધુ રહે છે.

પાલનપુર નગરપાલિકામાં નોંધણી કરવામાં આવે છે. જેથી જન્મ મરણની કચેરીમાં દાખલા મેળવવા માટે દિવસ દરમિયાન ભારે ભીડ જોવા મળતી હતી. જ્યાં એક જ આઈ ડી હોવાથી અને કર્મચારીઓની પણ ઘટ હોવાથી સ્ટાફ અને અરજદારો મુશ્કેલીઓ અનુભવતા હતા. જ્યાં નવું આઈડી ફાળવવામાં આવ્યું છે.




વાવ તાલુકાના કરશનભાઈ પરમારે જણાવ્યું હતુ કે, છોકરાના નામ પાછળ મારૂ અને તેની માતાનું નામ સુધારવા માટે એક સપ્તાહ પહેલા અરજી કરી છે. પણ હજુ સુધી સુધારો થતો નથી.

દરરોજ ૧૦૦ કિલોમીટરનો ધક્કો પડી રહ્યો છે.

# ગ્રહોનો રાઝ આપની આજ




**મેષ (અ.લ.ઈ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ પરિવારના સહયોગથી કાર્ય સરળ બનશે. સમાજ કુટુંબમાં માન સન્માન મળશે. જૂના મિત્રોની મુલાકાતથી મન પ્રસન્ન રહે. નોકરી ધંધામાં અનુકૂળતા જણાય.

**વૃષભ (બ.વ.ઉ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ આકસ્મિક ધનલાભની સંભાવના પ્રબળ બને. ધંધામાં લાભ-આર્થિક સદ્ધરતા મળે. વિદ્યાર્થીઓ માટે ઉત્તમ સમય છે. પારિવારિક શાંતિ જળવાય.

**મિથુન (ક.છ.ઘ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ આર્થિક સ્થિતિ મજબૂત બને. પરિવારમાં સારા કામનું આયોજન થાય. સંપત્તિ,વાહન ખરીદવાના યોગ બને. અગત્યના કાર્યોમાં અનુકૂળતા જણાય.

**કર્ક (ડ.હ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ વડીલોના આશીર્વાદથી કામ સફળ બને. પરિવારમાં વાતાવરણ આનંદમય રહે. નવી વસ્તુઓ ખરીદવાથી લાભ થાય. સુખ-સમૃદ્ધિમાં વૃદ્ધિના યોગ જણાય.

**સિંહ (મ.ટ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ નવા કામકાજની શરુઆતથી લાભ થાય. પોતાની મહેનત-પરિશ્રમમાં ધ્યાન આપવું. પ્રયાસ કરવાથી કાર્યમાં સફળતા મળે. જમીન-જાયદાદ, સંપત્તિમાં વડીલોની સલાહ લેવી.

**કન્યા (પ.ઠ.ણ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ પોતાની જાતને ઓળખો-સફળતા મળશે. આવકના નવા દ્વાર ખુલશે. સંતાનો માટે મહત્વના નિર્ણયો લેવાય. પારિવારિક શાંતિ જળવાય.

**તુલા (ર.ત.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ આર્થિક સ્થિતિ મજબૂત બને. ધંધામાં ધનલાભની સંભાવના. મિત્રો પરિવારથી ઉત્તમ સહયોગ. વિદ્યાર્થીઓ માટે અનુકૂળતા વધે.

**વૃશ્ચિક (ન.ય.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ કામકાજમાં જવાબદારી વધે. વ્યવસાયિક નિર્ણયોમાં લાભ થાય. દામ્પત્ય જીવન આનંદમય રહે. ધાર્મિક કાર્યોમાં રુચિ વધે.

**ધન (ભ.ધ.ફ.ઢ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ રાજકાજમાં વિજયની સંભાવના પ્રબળ બને. સાહસ પરાક્રમથી સફળતા મળે. નોકરીમાં પ્રગતિ ઉત્તમ પદપ્રાપ્તિની સંભાવના. ધંધામાં ધીમી ગતિએ લાભ જણાય.

**મકર (ખ.જ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ સંતાનોના પ્રશ્નોમાં રાહત અનુભવાય. જમીન-વાહન લેવા માટે સારો સમય. પરીક્ષાલક્ષી કાર્યોમાં સફળતા મળે. માતા મોસાળથી ઉત્તમ સ્નેહ મળે.

**કુંભ (ગ.શ.સ.ષ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ શત્રુપક્ષે સાવધાની જરૂરી છે. વિવાદિત કાર્યોથી દૂર રહેવું. ભાઈભાંડુ વડીલવર્ગથી લાભ થાય. મુસાફરીના યોગો જણાય છે.

**મીન (દ.ચ.ઝ.થ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ મનગમતા કાર્યોમાં વિશેષ ધ્યાન આપો. પરિવારમાં વાણી દ્વારા કલેશ જણાશે. ધન સંબંધી ચિંતાઓ હળવી થશે. સ્વાસ્થ્ય બાબતે સંભાળવું.

# ફિલ્મી ગપશપ

## નવું વર્ષ ૨૦૨૫નો બોક્સ ઓફિસ કલેક્શન રિપોર્ટ

## નવા વર્ષે પુષ્પા - ૨, મુફાસા ધ લાયન કિંગ અને બેબી જહોને ભારતમાં કુલ કેટલી કમાણી કરી ? પુષ્પા હવે રેકોર્ડની નજીક

'પુષ્પા ૨' એ બોક્સ ઓફિસ પર શાનદાર પ્રદર્શન કર્યું અને ૧૨૦૦ કરોડની ક્લબની નજીક પહોંચી ગઈ છે સાથે જ 'મુફાસા' પણ સતત સારી કમાણી કરી રહી છે. ચાલો જાણીએ ટિકિટ બારી પર કઈ ફિલ્મે કેટલું કલેક્શન કર્યું છે ?.

ગયાં વર્ષ બાદ હવે નવાં વર્ષમાં પણ બોક્સ ઓફિસ પર 'પુષ્પા ૨' અને 'મુફાસા ધ લાયન કિંગ'ની સફળતા જોવા મળી રહી છે. આ બંને ફિલ્મોએ અત્યાર સુધી ટિકિટ બારી પર શાનદાર કમાણી કરી છે. તે જ સમયે, વરુણ ધવનની બેબી જોન બોક્સ ઓફિસ પર ખાસ કમાલ કરી શકી ન હતી.

વરૂણ ધવનની 'બેબી જોન' તેની કરિયરની સૌથી મોટી ફ્લોપ સાબિત થઈ છે. ઈન્ટરનેટ પર ઓરિજિનલ ફિલ્મ થેરીના હિન્દી ડબ વર્ઝનને ફિલ્મ ન ચાલવાનું કારણ માનવામાં આવી રહ્યું છે. ડિરેક્ટર કાલિસે આ ફિલ્મથી બોલિવૂડમાં એન્ટ્રી કરી હતી, પરંતુ તે પોતાની પહેલી જ ફિલ્મમાં નિષ્ફળ ગયો છે.

ફિલ્મનાં બોક્સ ઓફિસ કલેક્શનની વાત કરીએ તો ૧૮૦-૧૮૫ કરોડ રૂપિયાની આસપાસ બનેલી આ ફિલ્મ પહેલાં દિવસથી જ ટિકિટ બારી પર નિરાશાજનક પ્રદર્શન કરી રહી છે. આ ફિલ્મ પહેલાં અઠવાડિયામાં માત્ર ૩૬.૪ કરોડ રૂપિયાનું કલેક્શન કરી શકી હતી. બીજા અઠવાડિયાની શરૂઆતમાં આ ફિલ્મની હાલત વધુ ખરાબ દેખાઈ રહી છે.

ફિલ્મે ૧૦ માં દિવસે ૪૫ લાખ રૂપિયાનું કલેક્શન કર્યું હતું. આ સાથે ફિલ્મની કુલ કમાણી હવે ૩૬.૮૫ કરોડ રૂપિયા પર પહોંચી ગઈ છે. આ ફિલ્મ વરુણની સુપર ફલોપ ફિલ્મો 'કલંક' અને 'સ્ટ્રીટ ડાન્સર ૩ડી'થી પણ પાછળ છે. તે બંને ફિલ્મોએ બોક્સ ઓફિસ પર અનુક્રમે રૂ. ૮૦.૩૫ કરોડ અને રૂ. ૬૮.૨૮ કરોડનો બિઝનેસ કર્યો હતો.

'પુષ્પા ૨ ધ રૂલ' વધુ એક નવો ઈતિહાસ રચવાથી થોડાં જ પગલાંઓ દૂર છે. આ ફિલ્મ ટૂંક સમયમાં હિન્દી ભાષામાં ૮૦૦ કરોડનાં ક્લબમાં પ્રવેશવા જઈ રહી છે. તે જ સમયે, ભારતમાં પણ આ ફિલ્મ ૧૨૦૦ કરોડ ક્લબની પ્રથમ ફિલ્મ બનવા જઈ રહી છે.

પાંચમાં શુક્રવારે ફિલ્મે ૩ કરોડ ૮૫ લાખ રૂપિયાની કમાણી કરી હતી. આ સાથે ફિલ્મનું કુલ કલેક્શન હવે ૧૧૯૩.૬ કરોડ રૂપિયા પર પહોંચી ગયું છે. તે જ સમયે, હિન્દીમાં આ ફિલ્મે અત્યાર સુધીમાં ૭૮૧.૧૫ કરોડ રૂપિયાની કમાણી કરી છે.

'મુફાસા ધ લાયન કિંગ' ભારતમાં ૨૦૨૪ની બીજી સૌથી વધુ કમાણી કરનાર હોલીવુડ ફિલ્મ છે. ફિલ્મે બીજા સપ્તાહમાં ૫૦.૩ કરોડ રૂપિયાનો ધમાકેદાર બિઝનેસ કર્યો હતો. તે જ સમયે, ૧૫માં દિવસે ફિલ્મે ૨ કરોડ ૩૫ લાખ રૂપિયાની કમાણી કરી હતી.

આ સાથે ફિલ્મનું કુલ કલેક્શન ૧૨૬.૯ કરોડ રૂપિયા થઈ ગયું છે. આ ફિલ્મ ડેડપૂલ અને વોલ્વરાઈનથી માત્ર એક ડગલું પાછળ છે. તે ફિલ્મે ટિકિટ બારી પર ૧૨૮.૪ કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો હતો.

# સાંકળચંદ પટેલ કોલેજ ઓફ એન્જિનિયરિંગ, વિસનગરના રજત જયંતી મહોત્સવમા ભૂતપૂર્વ વિદ્યાર્થી મીટ-૨૦૨૪ નું ભવ્ય આયોજન

(ગરવી તાકાત) મહેસાણા તા.૪

૨૮ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ સાંકળચંદ પટેલ કોલેજ ઓફ એન્જિનિયરિંગ દ્વારા તેની રજત જયંતિ નીમીતે એક ભવ્ય ભૂતપૂર્વ વિદ્યાર્થી મીટ-૨૦૨૪ નું આયોજન એન્જિનિયરિંગ કેમ્પસ ખાતે કરવામાં આવ્યું.આ પ્રસંગે ૫૦૦ થી વધુ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ એકત્રિત થયા. જેમાં તેમણે પોતાની જૂની યાદગીરીઓ તાજી કરી અને એન્જિનિયરિંગ કોલેજ ના ૨૫ વર્ષ ના પ્રગતિમય પ્રવાસ ને ઉજવ્યો.

સવાર ના પ્રસંગ માં પ્રાધ્યાપક શ્રી અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ નો મધુર વાતચીત નો પ્રસંગ થયો અને જેમાં જૂની યાદગીરી પણ તાજા થઈ અને એમાં નવી ચાલતી ટેકનોલોજી પર પણ ચર્ચા વિચારણા થઈ, સાથે સાથે અભ્યાસક્રમ માં શું સુધારા વધારા કરી શકાય અને લેટેસ્ટ ટેકનોલોજી પ્રમાણેનું અભ્યાસક્રમ બનાવી શકાય તેનું માર્ગદર્શન અપાયું. આ દરમ્યાન ફ્રી મેડિકલ ચેકઅપનું પણ આયોજન કરવામાં આવ્યું.

તકનીકી ડાયરેક્ટર શ્રી ડો. એચ. એન. શાહ , પ્રિન્સિપાલ શ્રી ડો. પી. જે. પટેલ, ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળ એસોસિએશન ના સેક્રેટરી ડો. મોહમ્મદ ઈદ્રીસ સિંધી એ સંસ્થાની યાત્રા ને ઉજાગર કરતા શિક્ષણ અને સહકાર્યક્રમ ક્ષેત્રે પ્રાપ્ત થયેલ સિદ્ધિ પર પ્રકાશ નાખ્યો અને વિવિધ ક્ષેત્રો માં પ્રકાશ નાખનારા વિદ્યાર્થીઓ એ કોલેજ પ્રત્યે કૃતજ્ઞયતા વ્યક્ત કરી.

સાંસ્કૃતિક કાર્યક્ર્મો જેવા કે કેમ્પસ પ્રવાસ, વડનગર પ્રવાસ અને ઈન્ટરેકટીવ અને નેટવર્કિંગ ક્ષેત્રો એ કાર્યક્રમ ને આનંદ અને ઉલ્લાસ થી ભરી દીધો, અને આ પ્રસંગ દરમ્યાન બેસ્ટ ભૂતપૂર્વ વિદ્યાર્થી પુરુષ્કાર-૨૦૨૪ પણ આપવામાં આવ્યું અને તે અલગ અલગ એન્જિનિયરિંગ ના વિભાગ પ્રમાણે આપવામાં આવ્યા.

કાર્યક્રમ ની ઉજવણી ની સાથે ભવ્ય રાત્રી ડિનર નું આયોજન કરવામાં આવ્યું, જ્યાં ભૂતપૂર્વ વિદ્યાર્થી અને પ્રાધ્યાપક શ્રી ઓ એ મળીને યાદગાર પળો માણી. એન્જિનિયરિંગના પ્રાધ્યાપક શ્રી ઓ એ આ પ્રસંગ ને સફળ બનાવવા તમામ પ્રત્યે આભાર વ્યક્ત કર્યો અને એન્જિનિયરિંગ ની વધારે પ્રગતિ માટે પ્રતિબદ્ધતા દર્શાવી.

આ પ્રસંગ નીમીતે સાંકળચંદ પટેલ યુનિવર્સિટીના પ્રમુખ શ્રી પ્રકાશભાઈ પટેલ, વાઈસ ચાન્સેલર ડો. પી. એમ. ઉદાણી, તકનીકી ડાયરેક્ટર શ્રી ડો. એચ. એન. શાહ, પ્રિન્સિપાલ શ્રી ડો. પી. જે. પટેલ અને એસ.પી.સી.ઈ ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળ એસોસિએશન ના સેક્રેટરી શ્રી ડો. મોહમ્મદ ઈદ્રીસ સિંધી એ શુભેચ્છા પાઠવી હતી.સાંકળચંદ પટેલ કોલેજ ઓફ એન્જિનિયરિંગ, વિસનગર ના રજત જયંતી મહોત્સવ મા ભૂતપૂર્વ વિદ્યાર્થી મીટ-૨૦૨૪ નું ભવ્ય આયોજન ૨૮ ડિસેમ્બર ૨૦૨૪ ના





રોજ સાંકળચંદ પટેલ કોલેજ ઓફ એન્જિનિયરિંગ દ્વારા તેની રજત જયંતિ નીમીતે એક ભવ્ય ભૂતપૂર્વ વિદ્યાર્થી મીટ-૨૦૨૪ નું આયોજન એન્જિનિયરિંગ કેમ્પસ ખાતે કરવામાં આવ્યું.આ પ્રસંગે ૫૦૦ થી વધુ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ એકત્રિત થયા. જેમાં તેમણે પોતાની જૂની યાદગીરીઓ તાજી કરી અને એન્જિનિયરિંગ કોલેજ ના ૨૫ વર્ષ ના પ્રગતિમય પ્રવાસ ને ઉજવ્યો.

સવાર ના પ્રસંગ માં પ્રાધ્યાપક શ્રી અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ નો મધુર વાતચીત નો પ્રસંગ થયો અને જેમાં જૂની યાદગીરી પણ તાજા થઈ અને એમાં નવી ચાલતી ટેકનોલોજી પર પણ ચર્ચા વિચારણા થઈ, સાથે સાથે અભ્યાસક્રમ માં શું સુધારા વધારા કરી શકાય અને લેટેસ્ટ ટેકનોલોજી પ્રમાણેનું અભ્યાસક્રમ બનાવી શકાય તેનું માર્ગદર્શન અપાયું. આ દરમ્યાન ફ્રી મેડિકલ ચેકઅપનું પણ આયોજન કરવામાં આવ્યું.

તકનીકી ડાયરેક્ટર શ્રી ડો. એચ. એન. શાહ , પ્રિન્સિપાલ શ્રી ડો. પી. જે. પટેલ, ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળ એસોસિએશન ના સેક્રેટરી ડો. મોહમ્મદ ઈદ્રીસ સિંધી એ સંસ્થાની યાત્રા ને ઉજાગર કરતા શિક્ષણ અને સહકાર્યક્રમ ક્ષેત્રે પ્રાપ્ત થયેલ સિદ્ધિ પર પ્રકાશ નાખ્યો અને વિવિધ ક્ષેત્રો માં પ્રકાશ નાખનારા વિદ્યાર્થીઓ એ કોલેજ પ્રત્યે કૃતજ્ઞયતા વ્યક્ત કરી.

સાંસ્કૃતિક કાર્યક્ર્મો જેવા કે કેમ્પસ પ્રવાસ, વડનગર પ્રવાસ અને ઈન્ટરેકટીવ અને નેટવર્કિંગ ક્ષેત્રો એ કાર્યક્રમ ને આનંદ અને ઉલ્લાસ થી ભરી દીધો, અને આ પ્રસંગ દરમ્યાન બેસ્ટ ભૂતપૂર્વ વિદ્યાર્થી પુરુષ્કાર-૨૦૨૪ પણ આપવામાં આવ્યું અને તે અલગ અલગ એન્જિનિયરિંગ ના વિભાગ પ્રમાણે આપવામાં આવ્યા.

કાર્યક્રમ ની ઉજવણી ની સાથે ભવ્ય રાત્રી ડિનર નું આયોજન કરવામાં આવ્યું, જ્યાં ભૂતપૂર્વ વિદ્યાર્થી અને પ્રાધ્યાપક શ્રી ઓ એ મળીને યાદગાર પળો માણી. એન્જિનિયરિંગના પ્રાધ્યાપક શ્રી ઓ એ આ પ્રસંગ ને સફળ બનાવવા તમામ પ્રત્યે આભાર વ્યક્ત કર્યો અને એન્જિનિયરિંગ ની વધારે પ્રગતિ માટે પ્રતિબદ્ધતા દર્શાવી.

આ પ્રસંગ નીમીતે સાંકળચંદ પટેલ યુનિવર્સિટીના પ્રમુખ શ્રી પ્રકાશભાઈ પટેલ, વાઈસ ચાન્સેલર ડો. પી. એમ. ઉદાણી, તકનીકી ડાયરેક્ટર શ્રી ડો. એચ. એન. શાહ, પ્રિન્સિપાલ શ્રી ડો. પી. જે. પટેલ અને એસ.પી.સી.ઈ ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળ એસોસિએશન ના સેક્રેટરી શ્રી ડો. મોહમ્મદ ઈદ્રીસ સિંધી એ શુભેચ્છા પાઠવી હતી.

## અમદાવાદ શહેર ક્રાઇમ બાન્ચે એસ્ટ્રેલ કંપનીનાં ડુપ્લીકેટ UPVC ફિટિંગ્સ બનાવતા બે ઈસમોને ફિટીંગ્સ મોલ્ડ (ડાય) સાથે પકડી પાડ્યા

(ગરવી તાકાત) અમદાવાદ તા.૪

એસ્ટ્રેલ લિમિટેડ કંપની **PVC, UPVC** પાઈપ તેમજ ફિટીંગ્સ જેવા કે એલ્બા, ટી, બ્રાસ એલ્બા, બ્રાસ ટી, પાઈપ વિગેરે વસ્તુઓ બનાવી વેચાણ કરતી હોય જે કંપનીના માર્કાનો ગેરકાયદેસર રીતે ઉપયોગ કરી ફલોએક્સ પ્રા.લી.નામની કંપનીએ ડુપ્લીકેટ **PVC, UPVC** ફિટીંગ્સ બનાવી બજારમાં વેચાણ કરતા હોવાની




જાહેરાત એસ્ટ્રેલ કંપનીનાં લીગલ મેનેજરે કરતા તેને સાથે રાખી ફલોએક્સ કંપનીનું કામ સંભાળનાર નવિન અશોકકુમાર વૈષ્ણવના ઘરે રેઈડ કરી કુલ રૂપિયા ૧,૮૦,૪૭૦ નો મુદામાલ કબ્જે કરી પકડાયેલ આરોપીઓમાં નવિન અશોકકુમાર વૈષ્ણવ રહે નવા નરોડા તેમજ રાજેશ ઉર્ફે રાજુ રહે એસ.પી.રિંગ રોડ,મૂળ વતન ગામ-રામપર વેકડા,તા-માંડવી,જી-કચ્છ, ભુજ ની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

## હવે કોઈ ગેરકાનુની ગતિવિધિથી લોકો પરેશાન થશે નહીઃ હર્ષ સંઘવીનું ટિવટ

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૪

રાજકોટમાં દાણાપીઠમાં વકફ બોર્ડના નામે જે રીતે ધાકધમકીથી દુકાનો ખાલી કરાવાઈ અને વેપારીઓનો સામાન પણ બહાર ફેકી દેવાયો તેમાં પોલીસ એકશનથી ફરી દુકાનદારોને તેમની જગ્યા મળી છે તેમાં રાજયના ગૃહ રાજયમંત્રી શ્રી હર્ષ સંઘવીએ ટવીટ કરીને પોલીસ



કામગીરીની પીઠ થાબડતા કહ્યું કે તમામ દુકાનો ફરી ખુલી ગઈ છે અને અપરાધીઓની ધરપકડ થઈ છે. અમો આપની સહાયતા માટે હંમેશા તૈયાર છીએ.

અમો ગેરકાનુની ગતિવિધિથી કોઈને પરેશાન થવા દેશુ નહી તેમ ટવીટ કરી આરોપીઓની તસ્વીર પણ અપલોડ કરી હતી.

## અહંકાર અને ગેરસમજ" પરિવાર અને મિત્રોથી દૂર કરી દે છે.અહંકાર સત્ય જોવા નથી દેતો અને ગેરસમજ સત્ય સાંભળવા નથી દેતીપપ.

આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહયું છે કે તમે કોઈપણ સંપ્રદાયમાં માનો, પણ જ્યાં સુધી રામજીની મર્યાદા નું પાલન નહીં કરો ત્યાં સુધી આનંદ મળતો નથી.રામજીની મર્યાદાનું પાલન એટલે રામજીના જેવું વર્તન રાખો. ભાગવતની કથા સાંભળનાર વક્તા-શ્રોતા રામજી ની મર્યાદામાં રહે. મનુષ્યને થોડી સંપત્તિ-અધિકાર મળે એટલે મર્યાદાને ભૂલી જાય છે, પણ રામજીની મર્યાદાનું પાલન કરો,રામના જેવું તમારું વર્તન રાખો રામજીની મર્યાદા આપણી મર્યાદા બની શકે એ એનું મહત્ત્વ છે.

રામજીનું ચરિત્ર સર્વથા અનુકરણીય છે,પણ શ્રીકૃષ્ણ લીલાનું અનુકરણ કરવાનું નથી. શ્રીકૃષ્ણલીલા ચિંતન કરવા માટે, ચિંતન કરી તન્મય થવા માટે છે. રામજી કરે તે કરવાનું અને શ્રી કૃષ્ણ કહે તે કરવાનું.રામ પૂર્ણપુરુષોત્તમ હોવા છતાં મનુષ્યને આદર્શ બતાવે છે. રામજીનો માતૃપ્રેમ,પિતૃપ્રેમ, બંધુ પ્રેમ,રામજીનું એક પત્નીવ્રત વગેરે સઘળું જીવનમાં ઉતારવા જેવું છે.રામાયણના દરેક પાત્રનું આદર્શ ચરિત્ર છે.શ્રીકૃષ્ણ કરે તે આપણાથી ન થાય. શ્રીકૃષ્ણ તો કાળીનાગ ઉપર નાચે છે અને કાળીનાગને નાથે છે. શ્રીકૃષ્ણ ટચલી આંગળી ઉપર ગોવર્ધનને ધરે છે.શ્રીકૃષ્ણના ચરિત્રનું અનુકરણ કરવું હોય તો પૂતના ચરિત્ર થી કરજો. શ્રીકૃષ્ણ ઝેર પી ગયા હતા,તમે ઝેર પચાવ્યા પછી શ્રી કૃષ્ણ ચરિત્રનું અનુકરણ કરજો કરશો?

રામજીએ નિજ ઐશ્વર્ય છુપાવ્યું છે.મનુષ્ય સમક્ષ મનુષ્યનો આદર્શ ધર્યો છે.સાધકનું વર્તન રામના જેવું હોવું જોઈએ.સિદ્ધ પુરુષનું વર્તન શ્રીકૃષ્ણની લીલા હોઈ શકે.રામજીનો અવતાર રાક્ષસોને



યશપાલસિંહ ટી.વાઘેલા
દરબાર ગઢ થરા

મારવા માટે થયો નથી, પણ મનુષ્યોને માનવ ધર્મ બતાવવા માટે થયો છે.રામજીની લીલા એવી સરળ છે,ત્યારે શ્રીકૃષ્ણની લીલા ગહન છે, અટપટી છે.રામજીની લીલા એવી સરળ છે કે, તરત મનમાં વસી જાય.રામજી સરળતાની પ્રતિકૃતિ છે.એવો સરળ કોઈ પુરુષ કદી જગતમાં થયો નથી. અગ્નિ નારાયણ ભગવાને પ્રગટ થઈને કહ્યું કે,સીતા માતાજી પરમ પવિત્ર છે, શુદ્ધ છે,પછી બીજા પુરાવાની ક્યાં જરૂર હતી. પણ ગામનો ધોબી માતાજીની નિંદા કરે છેતેને રામજી મહત્ત્વ આપે છે. એટલા સારું કે,એમને આદર્શ બતાવવો છેકે,પ્રજાના સુખ માટે રઘુનાથ પોતાના સુખનો ભોગ આપે છે! આ માટે નિષ્ઠુર બની તેઓ સીતા જીનો ત્યાગ કરે છે અને જગત ભરમાં એક અદ્ભુત લોકસેવાનો આદર્શ બતાવે છે.દુનિયાની કોઈ સંસ્કૃતિમાં આવો ત્યાગ જોવા નહીં મળે.રામાયણ એક અપ્રતિમ ગ્રંથ છે,અને રામ કથા અપ્રતિમ કથાછે.રામજી




મર્યાદા પુરુષોત્તમ. શ્રીકૃષ્ણએ પુષ્ટિ પુરુષોત્તમ. રામજીનું નામ પણ સરળ. રામજીના નામમાં એક પણ જોડા ક્ષર નથી. શ્રીકૃષ્ણના નામમાં એક પણ સરળ અક્ષર નથી.બધા જોડા ક્ષર છે.રામજી દિવસના બાર વાગે આવે છે. કનૈયો રાત્રે બાર વાગે આવે છે. દશરથજીના રાજમહેલમાં એક આવે છે,ત્યારે બીજો કંસના કારા ગૃહમાં.રામજીને ઓળખવા સહેલા છે, શ્રીકૃષ્ણને ઓળખવા કઠણ છે પરંતુ રામજીની મર્યાદાને જીવનમાં ઉતારવી કઠણ છે. સમજી એ મર્યાદા છે, શ્રીકૃષ્ણ એ પ્રેમ છે. મર્યાદા અને પ્રેમ જીવનમાં ઉતારશો તો સુખી થશો.

નરસિંહ અવતારની કથાએ ક્રોધનો નાશ કેવી રીતે કરવો તે બતાવ્યું. વામન અવતારની કથાએ લોભનો નાશ કેવી રીતે કરવો એ બતાવ્યું. રામચંદ્રજીના અવતારે કામનો નાશ કેવી રીતે કરવો તે બતાવ્યું. ક્રોધ, લોભ, કામનો નાશ થાય તે પછી શ્રીકૃષ્ણ ભગવાન પ્રગટે છે. ક્રોધ, લોભ, કામનો નાશ થાય તે પછી જ પરમાત્મા મળેકૃષ્ણ મળે, એટલે પહેલા સ્કંધથી શ્રી કૃષ્ણ કથા શરૂ થતી નથી, પણ વાસના ક્ષય થયા પછી તેની શરૂઆત થાય છે.

શુકદેવજી પછી સત્યવ્રત મનુ મહારાજ વંશની કથા છે.

વૈવસ્વત મનુ સૂર્યવંશના આદિ પ્રવર્તક છે. તેમનાં પત્નીનું નામ શ્રદ્ધા. તેમને દશ બાળકો થયાં. ઈક્ષ્વાકુ,નૃપ,શર્યાતિ,દિષ્ટિ,કરૂપ, નરિષ્યન્ત,પૃષધ્ન,નભગ અને કવિ આમાંથી દિષ્ટિના વંશમાં મરુત્ત નામનો ચક્રવર્તી રાજા થયો.મરુત્તના ગુરુ હતા બૃહસ્પતિ. તે ઈન્દ્રના પણ ગુરુ હતા. મરુત્ત રાજાને યજ્ઞ કરવાનો હતો, પણ બૃહસ્પતિએ આવવા ના પાડી. કહે કે હું ઈન્દ્રનો ગુરુ, બાવા રાજવીને ત્યાં જાઉં તે શોભે નહીં.હવે કરવું શું? એવામાં મરુત્તને નારદજી મળ્યા. નારદજીએ કહ્યુ કે, યજ્ઞ કરવો છે તો કરો. બૃહસ્પતિના આવે તો બૃહસ્પતિ ના ભાઈ સર્વત્તને બોલાવો.રાજા કહે, સંવર્ત યોગી છે. યોગીનો પત્તો શું?

નારદજીએ કહ્યું, પત્તો હું આપું, પણ મારું નામ લેશો નહીં. પુરુષોને એકાંત પ્રિય હોય છે. તેઓ તેમની સાધનામાં લીન રહે છે, તેથી કોઈ તેમાં વિક્ષેપ કરે તે તેમને ગમતું નથી. એથી નારદજી આવી સાવધ વાણી ઉચ્ચારે છે. સંવર્ત યોગા રોજ એક વખત કાશી કાશી વિશ્વનાથનાં દર્શન કરવા આવે છે.પણ રસ્તામાં કોઈ શબનાં દર્શન થાય તો તેને શિવરૂપ માની વંદન કરી પાછાં શિવનાં દર્શન થઈ જાય છે. એવી એમની સમદષ્ટિ છે. નાણે શબને જોતાં વેંત વંદન કર્યું. મરુત્ત રાજાને ખાતરી થઈ ગઈકે,આ સંવર્ત યોગી છે. એકદમ કરી જાય છે. શબમાં જ એને એણે યોગીનાં ચરણ પકડી લીધાં.મરુત્ત કહે, મારે યજ્ઞ કરવો છે,પણ બૃહસ્પતિ યજ્ઞ કરાવતા નથી. તમે કરાવો!સંવર્ત કહે,હું યજ્ઞ કરાવીશ, પણ જો તું મારો ત્યાગ કરશે તો તે વખતે હું તને ભસ્મકાં નાખીશ,એ નક્કી જાણજે!

રાજા કબૂલ થયો. સંવર્તે મરુત્ત રાજાને મંત્રદીક્ષા આપી. હવે બૃહસ્પતિએ અગ્નિ માત કહેવડાવ્યું કે,મને ગુરુ બનાવો!અગ્નિને સંવર્તે કહ્યું, મારી આજ્ઞા વિરુદ્ધ જઈશ તો તને બાળી મૂકીશ! દેવો બધા ડરી ગયા. સંવર્તયોગી આજ્ઞા કરે તે દેવ ત્યાં પ્રત્યક્ષ હાજર થઈ હવિર્માત્ર ગ્રહણ કરે છે.મરુત્તનો યજ્ઞ ખૂબ સરસ રીતે પાર પડચો.મનુપુત્ર નભગને ત્યાં નાભાગ થયા.ના ભાગને ત્યાં મહાન ભક્તઅંબરીષ નો જન્મ થયો.અંબરીષએ મર્યાદા ભક્તિના આચાર્ય છે.કાંકરોલીમાં જે દ્વારકાનાથ બિરાજે છે તે અંબરીષ.રાજાના સેવ્ય ઠાકોરજી છે.આ ઠાકોરજી બાવન મણ મરી રોજ આરોગતા.વિચારો કેટલી સામગ્ર થતી હશે!અંબરીષ શબ્દનો વિચાર કરો.અંબર એટલે આકાશ.ઈશ એટલે ઈશ્વર. આકાશએ અંદર પણ છે અને બહાર પણ છે.જેના અંદર બહાર સર્વ ઠેકાણે ઈશ્વર છે તે અંબરીષ. જેને ચારેબાજુ પરમાત્મા દેખાય તે અંબરીષ. ભક્તિમાર્ગમાં ભક્ત એક એક ઈન્દ્રિયને પરમાત્માનાં ચરણમાં અર્પણ કરે છે.ઈન્દ્રિયોને પરમાત્મા સાથે પરણાવે છે. ભગવાન ઋષીકેશ છે એટલે. ઈન્દ્રિયોના સ્વામી છે.અંબરીષ રાજા મહાન ભક્ત હતા. તેઓ પ્રાર્થના કરતા કે,મારું મન સદા શ્રીકૃષ્ણના ચરણ કમળમાં રહો. મારી વાણી ભગવાનના ગુણગાતી રહો,મારા હાથ પ્રભુ મંદિરની સેવામાં રહો,મારા પગ પ્રભુનાં ક્ષેત્રોની યાત્રા કરતા રહો,મારા કાન પ્રભુની કથા સાંભળવામાં લીન અમારી આંખ પ્રભુની મૂર્તિની બધે ઝાંખી કરતા રહો! મારું મસ્તક સદાસર્વદા પ્રભુને વંદન કરતું છે.

અંબરીષ રાજા ભક્તિના આચાર્ય છે. ભક્તિમાર્ગમાં ધન મુખ્ય નથી, તન મુખ્ય નથી પણ મન મુખ્ય છે. ભક્તિમાં ધન મુખ્ય થયુંત્યારથી ભક્તિ છિન્નભિન્ન થઈ.તેથી અંબરીષ મહારાજ પ્રથમ કહે છે કે,મારું મન શ્રીકૃષ્ણનાં ચરણ યુગલમાં સદા રહો!મન ભગવાનને અર્પણ થઈ ચૂક્યું પછી બીજાં અંગો એને અનુસરશે જ. સેવાનો સંબંધ મન સાથે છે. શરીરથી જે ક્રિયા કરો તેને મનનો સહકાર ન મળે તો તે વ્યર્થ છે. અંબરીષની સેવાની શરૂઆત મનથી થાય છે. મન સભ્ય છે તે એકી સાથે જગત અને ઈશ્વર સાથે સંબંધ કરી શકે નહીં. બીજો માણસ ઉપદેશ કરશે તો પર અસર થશે નહીં. તમે પોતે મનને સમજાવશો તો અસર થશે.સેવા માં શરીરનો ઘસારો થાય અંબરીષ રાજા હતા,છતાં સેવા જાતે કરે છે. ઘરમાં અનેક નોકરો હતા પણ દાસ છું,તેની સેવા મારે જાતે કરવી જોઈએ,એ એમની ભાવના હતી. આ ઠાકોરજીનો હું સેવામાં મુખ્ય છે. જે ભોજન કરે તેનું પેટ ભરાય છે. તેમ જે ભજન કરે,સેવા કરે તેને જ તેનું ફળ મળે છે.ચાર વસ્તુમાં બદલી નહીં ચાલે ભોજનમાં બદલી નહીં ચાલે આ ચારે કામ જાતે જ કરવાં પડે છે. ભાગવતમાં સ્પષ્ટ લખ્યું છે કે, અંબરીષ ભગવાનનાં દર્શન કરવા જાય ઊઘાડા પગે ચાલતા જતા.

# જિલ્લા ભાજપ પ્રમુખના સરતાજ માટે ૩૮ જેટલા ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી

# પૂર્વ સાંસદ, ધારાસભ્ય, જિલ્લા મહામંત્રી, પ્રમુખ, સહિતનાં દિગ્ગજ ચહેરા પ્રમુખની રેસમાં : કનુભાઈ પટેલને નિર્વિવાદિત ગણાતા જિલ્લા ભાજપ પ્રમુખ તરીકે થઈ શકે છે રિપીટ

(ગરવી તાકાત) સાબરકાંઠા તા.૧૨

સાબરકાંઠા સહિત સમગ્ર ગુજરાતમાં તાલુકા સંગઠન બાદ હવે આજથી જિલ્લા સંગઠનમાં પણ ફેરફાર થવા જઈ રહ્યો છે ત્યારે આજે સાબરકાંઠા જિલ્લા ભાજપ પ્રમુખ માટે ૩૮ જેટલા ઉમેદવારોએ પોતાની ઉમેદવારી નોંધાવી છે જેમાં સાબરકાંઠા જિલ્લા પૂર્વ સાંસદ થી લઈ હિંમતનગરના પૂર્વ ધારાસભ્ય તેમજ વર્તમાન પ્રમુખે પણ ઉમેદવારી નોંધાવી છે. સાબરકાંઠા જિલ્લા સંગઠન તાલુકો કક્ષાના ફેરફાર કર્યા બાદ હવે જિલ્લા કક્ષાએ જિલ્લા પ્રમુખ



પદ માટે આજે ૩૮ થી વધારે ઉમેદવાર હોય પોતાની ઉમેદવારી નોંધાવી છે જેમાં ગુજરાત મહિલા મોરચાના ઉપપ્રમુખ કૌશલ્યા કુંવરબા સહિત સાબરકાંઠા અરવલ્લી જિલ્લાના પૂર્વ સાંસદ દિપસિંહ રાઠોડ તેમજ હિંમતનગરના પૂર્વ ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા એ ઉમેદવારી નોંધાવી છે હાલમાં નિર્વિવાદિત ગણાતા જિલ્લા પ્રમુખ કનુભાઈ પટેલે પણ પોતાની ઉમેદવારી નોંધાવી છે જોકે સાબરકાંઠા જિલ્લા ભાજપ સંગઠનમાં કામ કરતા મોટાભાગના તમામ સૌ કોઈએ આજે પોતાની ઉમેદવારી નોંધાવી છે જેના પગલે જિલ્લામાં ૩૮ જેટલા ઉમેદવારો એ પોતાની દાવેદારી નોંધાવી છે જોકે આજે સાંજે સાબરકાંઠા જિલ્લા સંગઠન અંતર્ગત સંકલનની બેઠક યોજશે ત્યારબાદ જિલ્લા પ્રમુખ માટે તૈયાર થયેલા લિસ્ટને ગાંધીનગર કમલમ મોકલવામા આવશે જયાંથી તમામ ક્રાઈટેરિયામાં રહેલા કાર્યકરને સાબરકાંઠા જિલ્લા ભાજપ પ્રમુખનું સરતાજ અપાશે જોકે આ સરતાજ આગામી સમયમાં કોના હશે એ તો સમય બતાવશે.

# વિસનગર તાલુકાના બાસણા ખાતે પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ અને પ્રદર્શન કાર્યક્રમ યોજાયો

# વિશાળ સંખ્યામાં ખેડૂત અને પશુપાલક ભાઈઓ બહેનો સહભાગી બન્યા

(ગરવી તાકાત) મહેસાણા તા.૪

ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ અને 'આત્મા' પ્રોજેકટ અહ્તર્ગત આજરોજ વિસનગર તાલુકાના બાસણા ખાતે પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ અને પ્રદર્શન કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી મહેસાણા લોકસભાના સાંસદ શ્રી હરિભાઈ પટેલે જણાવ્યું હતું કે,'પરિવારના સ્વાસ્થ્યને અને ભાવિ પેઢીને સ્વસ્થ બનાવવા માટે પ્રાકૃતિક ખેતી અપનાવવી જ પડશે. ઈઝરાયેલ પદ્ધતિથી પ્રાકૃતિક ખેતી અપનાવીને ભાવિ પેઢીને સ્વસ્થ અને સમૃદ્ધ બનાવીએ.'

તેમણે વધુમાં જણાવ્યું હતું કે વિસનગર, ઊંઝા અને મહેસાણા તાલુકાના કૃષિકારો આજે મોટી સંખ્યામાં ઉપસ્થિત થયા છે ત્યારે મારે જણાવવાનું કે આયોજનબદ્ધ ખેતી કરનારા, સાવડીયા ખેડૂતો આયોજન બદ્ધ ખેતી કરે. ખેડૂતોની સતત ચિંતા અને ચિંતન કરનાર તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ કૃષિરથ મહોત્સવ પ્રારંભ કરાવીને ખેડૂતોની સાથે અધિકારીઓ અને કર્મયોગીઓને તેમજ જન પ્રતિનિધિઓને ખેતરમાં મોકલ્યા છે.'

સાંસદશ્રી એ ખેડૂત અને







ખેતીની પરિસ્થિતિનું ક્રમશઃ ચિત્ર આપી જણાવ્યું હતું કે,' વડાપ્રધાન શ્રી વિવિધ યોજના અન્વયે તળાવ ઊંડા કરાવવાનો પ્રયત્ન કરે છે. તળાવ ઊંડા થવાથી સરકાર આવનારા દિવસોમાં આવનારી પેઢી માટે જળ સંચયની કામગીરી કરી રહી છે. કેન્દ્રીય જળમંત્રીશ્રી સી.આર. પાટીલ ની આગેવાનીમાં સમગ્ર દેશમાં જળસંચય અભિયાન આરંભાયુ છે દેશમાં ત્રણ લાખ જેટલા જળસંચયના સ્ટ્રક્ચર બન્યા છે. મુખ્યમંત્રીની આગેવાનીમાં આપણે પણ જળ સંચય થાય તેવા પ્રયત્નો કરી રહ્યા છીએ. કેન્દ્રમાં મિનિટ્સ આધાર વાનગીઓ પીરસાવાની બાબતને રજૂ કરતા તેમને કહ્યું કે,'હું પણ ખેડૂત છું અને ખેડૂતોને વધારેમાં વધારે રોજગારી મળે તે માટે ભારત સરકાર અને રાજ્ય સરકાર પણ પ્રયત્નશીલ છે ત્યારે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી દ્વારા પ્રાકૃતિક ખેતી ના અભિયાનને સરકારી અધિકારીશ્રીઓ તેમજ કર્મયોગીઓ વિવિધ તાલીમો દ્વારા વધારે પ્રેરકબળ પૂરું પાડી રહ્યા છે... તેમણે ખેતી કરવા સાથે શિક્ષિત થવા પર પણ ભાર મૂક્યો હતો.ગુજરાત રાજ્ય પ્રાકૃતિક કૃષિ ફેડરેશનના પ્રમુખશ્રી હિતેન્દ્રભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે,'પ્રાકૃતિક કૃષિ શા માટે અને કેમ કરવી જોઈએ. પ્રાકૃતિક ખેતી માટેના અવરોધો અને મહત્વપૂર્ણ પરિબળોની વિગતે માહિતી પૂરી પાડતા તેમણે જણાવ્યું હતું કે,' સરકાર, કુદરત, ખેડૂત તેમજ સામાજિક પરિસ્થિતિઓ પ્રાકૃતિક ખેતીમાં મહત્વના પરિબળો છે. સરકાર તો પ્રયાસ કરી જ રહી છે સાથે આપણે પણ વૃક્ષારોપણ અને જળસંચય કરીને આવતી પેઢી માટે મહત્વપૂર્ણ કામગીરી કરીએ.

તેમણે અનુરોધ કર્યો કે લગ્નમાં ગાય અને પ્રાકૃતિક અનાજ, બિયારણ, ઘી વગેરે આપો. માનવચક્રના અસ્તિત્વને ટકાવવા માટે પ્રાકૃતિક ખેતી અનિવાર્ય છે. બધા દર્દોની દવા પ્રાકૃતિક ખેતી છે. તમારી એનિવર્સરી, જન્મદિન અને બાધાઓમાં જળસંચય અને વૃક્ષારોપણની નેમ લઈને પ્રાકૃતિક ખેતી અપનાવીએ.' આ પ્રસંગે સાંસદશ્રી અને ઉપસ્થિત મહાનુભાવો એ પ્રાકૃતિક ખેતીમાં આદર્શ અને ઉત્કૃષ્ટ કામગીરી કરનારા ખેડૂતોનું સન્માન પત્ર આપી સૌનું સન્માન કર્યું હતું. જે પૈકી વિસનગરના દશરથભાઈ પટેલ ,બ્રાહ્મણ વાળાના ઠાકોર રાકેશ કુમાર , તળેટી ગામના પ્રાકૃતિક ખેડૂત શ્રી હરેશભાઈ પટેલ ,સરકારી શિક્ષકની નોકરી સાથે પ્રાકૃતિક ખેતીની વિનામૂલ્ય ઍલ્હી ચલાવનારા દેલાના ચૌધરી હર્ષદભાઈ તેમજ કાંસા ગામના પટેલ રાજુભાઈ ને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં સફળ પ્રાકૃતિક ખેતી કરનારા શ્રી હરેશભાઈ પટેલ ,પશુપાલક અને ખેડૂત ચૌધરી નીતાબેન તેમજ ડાયાભાઈ પટેલે પોતાના અનુભવો રજૂ કર્યા હતા. આ કાર્યક્રમમાં ગણપત યુનિવર્સિટી, ખેરવા કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિકો શ્રી શરદભાઈ સોની અને રમેશભાઈ પટેલે મુખ્ય પાકોની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ વિશે માહિતી પૂરી પાડી હતી.સ્વાગત પ્રવચન કરતા 'આત્મા' પ્રોજેક્ટ ડાયરેકટર શ્રી તેજલબેન શેઠે કાર્યક્રમની રૂપરેખા પૂરી પાડી હતી. કાર્યક્રમની આભાર વિધિ મદદનીશ નિયામક -તાલીમ શ્રી લક્ષ્મણભાઈ પટેલે કરી હતી. આ પરિસંવાદમાં મહેસાણા જિલ્લાની વિવિધ કચેરીઓના વિવિધ યોજનાઓ અને સફળતાઓ દર્શાવતા કુલ ૧૭ પ્રદર્શન સ્ટોલ રાખવામાં આવ્યા હતા.સાંસદશ્રીએ આ તમામ સ્ટૉલની મુલાકાત લઈ વિગતે વિગતો મેળવી હતી. આ કાર્યક્રમમાં જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી અનીશ ભટ્ટ ,બાગાયત અધિકારીશ્રી નરેન્દ્રભાઈ ચૌધરી સહિત ગ્રામસેવકો, બીટીએમ, એટીએમ તેમજ આત્મા કચેરી અને ખેતીવાડી કચેરીના કર્મયોગીઓ સહિત મહેસાણા, ઊંઝા અને વિસનગરના ખેડૂત અને પશુપાલક ભાઈઓ અને બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# સાબરકાંઠા જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાએ વર્ષ ૨૦૨૪ દરમિયાન કુલ ૨૬ હજારથી વધુ લોકોને સારવાર પૂરી પાડી





(ગરવી તાકાત) હિંમતનગર તા.૪

કોઈ પણ આપત્તિગ્રસ્ત અને આપાતકાલિન સ્થિતિમાં કોઈ પણ સ્થળે અને કોઈ પણ સમયે તાત્કાલિક મેડીકલ સારવાર અને મદદ માટે સૌ કોઈ ના મોઢે એક જ નામ હોય છે અને તે છે ૧૦૮ એમ્બ્યુલન્સ. સાબરકાંઠા જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા વર્ષ ૨૦૨૪ માં ૨૬૩૦૭ જેટલા દર્દીઓને હોસ્પિટલ સુધી પહોંચાડી તેઓના જીવ બચાવવામાં આવ્યા છે. જીવનરક્ષક ૧૦૮ સેવાએ કોરોનાકાળ,પૂર અને અન્ય વિપરીત પરિસ્થિતિઓમાં લોકોની સમયસર સારવાર કરી જીવ બચાવ્યા છે.

સાબરકાંઠા જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા વર્ષ ૨૦૨૪ માં ૨૬૩૦૭ જેટલા દર્દીઓને સમયસર સારવાર કરી ખુબ જ સરાહનીય કામગીરી કરી છે. વર્ષ ૨૦૨૪ માં સાબરકાંઠામાં ૧૦૮ એમ્બ્યુલન્સને ઈમરજન્સીના કુલ ૨૦૨૪, પેટના દુખાવાના ૨૨૦૬, એલર્જી રીએકશનના ૩૨, માનસિક તકલીફના ૨૬, શ્વાસની તકલીફના ૧૯૨૫, હદય રોગના ૧૦૪૬,ખેંચના ૫૭૨, વાતાવરણને લગતી ઈમરજન્સીના આઠ, તાવના ૭૨૭,આકસ્મિત આપદાના ૨૦,ઝેરી દવાની અસરના ૮૫૪,પ્રસુતિને લગતી ઈમરજન્સીના ૧૦૩૬૫, લકવાના ૧૭૩,માર્ગ અકસ્માતના ૩૫૨૩,અજાણી તકલીફના ૨૦૭૨ સહિત વિવિધ કેસ મળ્યા છે.જેમાં સમયસર ૧૦૮ એમ્બ્યુલન્સે સેવા આપી છે. આ ઉપરાંત સગર્ભા મહિલાને કેટલીક વાર સ્થળ પર જ પ્રસૂતી કરવાની જરુર પડે છે. વર્ષ ૨૦૨૪માં કુલ ૩૨૪ મહિલાઓને ૧૦૮ એમ્બ્યુલન્સે સ્થળ પર જ પ્રસૂતિ કરાવવામાં આવી છે.૧૦૮ એમ્બ્યુલન્સ હરતા ફરતા પ્રસૂતિગૃહની ગરજ સારે છે.

ઉલ્લેખનીય છે કે સાબરકાંઠામાં હાલમાં સાબરકાંઠામાં કુલ ૧૬ એમ્બ્યુલન્સ છે.જે જીવનરક્ષકના જરુરી સાધનોથી સજ્જ છે.

## નવા જિલ્લા વાવ-થરાદની વસ્તી કરતાં બનાસકાંઠાની ૧.૪૧ લાખ વસ્તી વધારે

(ગરવી તાકાત) વાવ તા.૪

નવા જિલ્લાની જાહેરાત બાદ સરહદી પંથકમાં ખુશીનો માહોલ છે. જયારે કાંકરેજ, ધાનેરા અને દિયોદરમાં નારાજગી યથાવત છે. બીજી બાજુ બનાસકાંઠા જિલ્લાને ૯ અને વાવ થરાદને ૮ તાલુકા ફાળવ્યા બાદ બનાસકાંઠા જિલ્લો નાનો કરાયાની ચર્ચા ઉઠી હતી.

વાવ થરાદની વસ્તી કરતાં બનાસકાંઠાની ૧.૪૧ લાખ વસ્તી વધારે હોવાનું સામે આવ્યું છે. ઉપરાંત ૯ તાલુકામાં સમાવિષ્ટ ગામોની સંખ્યા મુજબ બનાસકાંઠામાં ૫૯ ગામો પણ વધુ છે. હવે વાવ-થરાદ જિલ્લામાં ૫૯૬ અને બનાસકાંઠામાં ૬૫૫ ગામડાઓ રહેશે. વાવ-થરાદ જિલ્લામાં તાલુકા દીઠ ગામની સંખ્યા જોઈતો વાવ તાલુકામાં ૭૯ ગામો, ભાભર ૫૩, થરાદ ૧૨૪, ધાનેરા ૭૮, સુઈગામ ૪૨, લાખણી ૫૩, દિયોદર ૬૪ અને કાંકરેજ ૧૦૩ મળી કુલ ૫૯૬ગામનો સમાવેશ થાય છે.

## શિક્ષણ તાલીમ ભવન ઇડર ખાતે શિક્ષણમાં ક્રિયાત્મક સંશોધન પર કાર્યશાળા યોજાઇ



સાબરકાંઠા જિલ્લામાં જીસીઆરટી ગાંધીનગર અને જિલ્લા શિક્ષણ તાલીમ ભવન ઈડરના સંયુક્ત ઉપક્રમે શિક્ષણમાં ક્રિયાત્મક સંશોધન પર જિલ્લા શિક્ષણ તાલીમ ભવન ઈડર ખાતે કાર્યશાળા યોજાઈ હતી. પ્રાથમિક શિક્ષણમાં સંશોધન દ્વારા શિક્ષણમાં ગુણવત્તા અભિવૃદ્ધિ અને વર્ગખંડની સમસ્યાઓને હલ કરવા માટે ક્રિયાત્મક સંશોધન હાથ ધરવા માટે સાબરકાંઠા જિલ્લાના ૫૦ જેટલા પ્રાથમિક શિક્ષકોની પસંદગી કરી માર્ગદર્શન અર્થે આ કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

ક્રિયાત્મક સંશોધન લેખન કોલેજ ઓફ એજયુકેશનના પ્રાધ્યાપકશ્રી ડૉ.મહેશભાઈ ચૌધરી દ્વારા ખૂબ પ્રેરક ઉદબોદનની સાથે ક્રિયાત્મક સંશોધન કેવી રીતે હાથ ધરી શકાય તે વિષે સર્વે શિક્ષકોને માર્ગદર્શિત કર્યા હતા.આ સાથે ડૉ.નરેન્દ્રભાઈ પટેલે ક્રિયાત્મક સંશોધન કરવા માટે કેવી રીતે પગથિયા અપનાવા અને શું કરી શકાય તેમજ મિતુલ મકવાણાએ ક્રિયાત્મક સંશોધનની રૂપરેખા અને કેવી રીતે રિપોર્ટ અથવા તો ક્રિયાત્મક સંશોધન લેખન વિષે વિગતે ચર્ચા કરી હતી. આ કાર્યશાળામાં ઈડર ડાયટના સિનિયર લેકચરલશ્રી અશ્વિનભાઈ પટેલ સહિત શિક્ષકમિત્રો હાજર રહ્યા હતા.

# સંક્ષિપ્ત સમાચાર

## વાલમ ક્લસ્ટરની વાલમપરા પ્રાથમિક શાળામાં રોકેટ્રી મેન પ્રથમ આંબળા



(ગરવી તાકાત) મહેસાણા તા.૪

વિસનગર તાલુકાની વાલમ ક્લસ્ટરની વાલમપરા પ્રાથમિક શાળામાં રોકેટરી મેન પ્રથમ આર. આંબળા સરના કાર્યક્રમનું આયોજન વ્યવસાયિક શિક્ષણ અંતર્ગત કરવામાં આવ્યું. મોડલ રોકેટ્રીના સ્થાપક પ્રથમ આંબળા પાંચસોથી વધુ પ્રકારના પેપર પ્લેન ડિઝાઈન કરી શકે છે. તેઓ માને છે કે પેપર પ્લેનના કારણે રોકેટના ભૌતિક વિજ્ઞાનને સરળતાથી સમજવામાં મદદ મળે છે. બાળકો આ કાર્યક્રમથી ગુરુત્વાકર્ષણ બળનો નિયમ એરોડાયનેમિક થીયેરી અને પોતાનાના દ્વારા કંઈક નવું સર્જન કરવાનો આનંદ મેળવવાની સાથે સાથે રોકેટ વિજ્ઞાન શીખે છે. પ્રથમ સરનું મુખ્ય શિક્ષણકાર્ય મોડલ રોકેટરી છે. તેમણે બાળકોને ફાઈટર, ગ્લાઈડર તેમજ મુકુટ આકારમાં પ્લેન બનાવતા શીખવ્યા. બાળકોને સ્પેસ એજ્યુકેશન આપીને રોકેટના વિવિધ ભાગોની સમજ આપી. બાળકો સમક્ષ જુદા જુદા ભાગો માપથી કટિંગ કરી ગોઠવીને રોકેટનું મોડલ તૈયાર કર્યું. બાળકોના ભારતમાતાની જય નારા સાથે રોકેટ મોડલનું લોન્ચિંગ શાળાની ભૂમિ પરથી કરવામાં આવ્યું. વર્લ્ડ સ્પેસ મોડલિંગ ચેમ્પિયનશિપમાં ભારતમાંથી સૌ પ્રથમ ભાગ લેનાર પ્રથમ આંબળા હતાં. લિમ્કા બુક ઓફ રેકોર્ડ્સ તેમજ ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ્સ માં તેમનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેઓએ મોડેલ રોકેટ્રી કાર્યક્રમ સાથે અવકાશની વિશિષ્ટ સ્થિતિ રાત્રે ૭:૩૦ કલાકે ટેલિસ્કોપ દ્વારા આકાશ દર્શન શાળાના બાળકોને અને ગામના વાલીઓને ગુરુનો ગ્રહ તેમજ ઉપગ્રહો બતાવીને કરાવ્યું હતું. રોકેટરી મેન પ્રથમ આર. આંબળાં સર નો શાળા પરિવાર તેમજ ગ્રામજનોએ આભાર વ્યક્ત કર્યો.

## મહેસાણા સખી વન સ્ટોપ સેન્ટરે ભૂલી પડેલી મહિલાનું પુનઃસ્થાપન કરાવ્યું

(ગરવી તાકાત) મહેસાણા તા.૪

પંચમહાલના હાલોલના છેવાડાની મહિલા ભૂલથી મહેસાણા આવી જતાં મહેસાણા સખી વન સ્ટોપ સેન્ટરે મહિલાનું કાઉન્સેલિંગ કરી પરિવાર સાથે પુનઃ સ્થાપન કરાવ્યું હતું.

મહેસાણા સખીવન સ્ટોપ સેન્ટર ખાતે પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકાના છેવાડાના ગામની મહિલા ભૂલથી મહેસાણા આવી ગઈ હતી અને તેઓ માનસિક અસ્વસ્થ હતા જેથી તેઓ કંઈ વધું જણાવતા ન હતા. જેઓને મહેસાણા પોલીસ દ્વારા સખી વન સ્ટોપ સેન્ટર ખાતે આશ્રય અપાયો હતો. જેઓને તબીબી સારવાર કરાવી અને તેઓને કાઉન્સેલિંગ કરાયું હતું. સેન્ટરના કેન્દ્ર સંચાલક પુષ્પાબેન ચૌહાણે પંચમહાલના વહીવટી તંત્ર ની મદદથી ગામના સરપંચ તેમજ તલાટીના મદદથી બેનના પરિવારનો સંપર્ક કરવા પ્રયત્ન કર્યો હતો અને તે સફળતા મળી હતી અને બેનને પોતાના પરિવાર સાથે મેળાપ કરાવ્યો હતો બેન તેના દીકરાને જોઈને ખુશ થઈ ગયા હતા અને 'સખી' વન સ્ટોપ સેન્ટર વરદાન રૂપ બન્યું છે. તેમના દીકરાએ વધુમાં જણાવ્યું હતું કે મારી માતા સુરક્ષિત જગ્યાએ હોવાથી તેમની ચિંતા ટળી હતી અને 'સખી' વનસ્ટોપ સેન્ટર મહેસાણા નો ખૂબ ખૂબ આભાર માન્યો હતો એમ કેન્દ્ર સંચાલક પુષ્પાબેન ચૌહાણે જણાવ્યુ હતું.

## સુઈગામ કોલેજ ખાતે નશામુક્તિ અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો





(ગરવી તાકાત) સૂઈગામ તા.૪

સરકારી વિનયન કોલેજ, સુઈગામ ખાતે નશામુક્તિ અંગે એક અતિ મહત્વપૂર્ણ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. કોલેજના આચાર્યશ્રી ડૉ.ડી.એન. દેવરીના માર્ગદર્શન હેઠળ, કોલેજના એન્ટી-ડ્રગ ક્લબ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ભરડવાના સંયુક્ત ઉપક્રમે આ કાર્યક્રમનું આયોજન કરાયું હતું.

આ કાર્યક્રમનો મુખ્ય હેતુ નશામુક્તિ અંગેની વકતૃત્વ સ્પર્ધા રખાયો હતો જેમાં કુલ ૧૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ નશાના દુષ્પરિણામો અને નશામુક્ત જીવનના મહત્વ વિશે વાત કરી હતી. આ સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ મેળવનારા વિદ્યાર્થીઓને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ભરડવા દ્વારા આકર્ષક ઈનામો આપવામાં આવ્યા હતા. તમામ પ્રતિભાગી વિદ્યાર્થીઓને પણ પેન ભેટ સ્વરૂપે આપવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં કોલેજના ૧૧૧ વિદ્યાર્થીઓ, તમામ કોલેજ સ્ટાફ, ૦૨ મેડિકલ ઓફિસરશ્રીઓ અને આશાવર્કર બહેનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં તબીબી અધિકારીશ્રીએ જણાવ્યું હતું કે, દર વર્ષે ગુજરાતમાં અને દેશમાં હજારો લોકો નશાને કારણે મૃત્યુ પામે છે. આવી સ્થિતિમાં આવા કાર્યક્રમો દ્વારા જાગૃતિ ફેલાવવી ખૂબ જ જરૂરી છે.

Volume : 10 Issue : 275 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, Didtrict Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002